# જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી,
# જોરાવર પેલેસ,બનાસકાંઠા,પાલનપુર

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

પઢે ચલો, બઢે ચલો
RASHTRIYA MADHYAMIK SHIKSHA ABHIYAN

Email Id :bnsdeo@gmail.com Phone No: 02742- 257055


ક્રમાંકઃમા.વિ.૩/વ.પ્રા./ઉજવણી/૨૦૧૮-૧૯/ ૬૬૨૩૬ તા૨૯/૦૯/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિનસરકારી/નોન ગ્રાન્ટેડ મા.અને ઉ.મા
શાળાઓ તમામ,બનાસકાંઠા

**વિષયઃ-વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવા બાબત-૨૦૧૮..**
સંદર્ભઃ- નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,બ.કાંના પત્રક્રમાંકઃવપસ/૧૯/બ/૮૨૭૯/૨૦૧૮-૧૯
તા.૨૭/૯/૨૦૧૮ અન્વયે..

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, અત્રેના બનાસકાંઠા વન વિભાગ મારફતે આગામી ૨ જી ઓકટોબર થી ૮ મી ઓકટોબર ૨૦૧૮ સુધી વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને વન્યપ્રાણી વિષે જાગૃતિ કેળવવા માટે જુદા જુદા વિષય અંગેનું આયોજન કરેલ છે.(નકલ સામેલ છે.)જેમાં આપની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો સહકાર મળે તે માટે આપની કક્ષાએથી વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરી ફોટોગ્રાફસ તેમજ અહેવાલ અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

બિડાણઃ- સંદર્ભ દર્શિત પત્રની નકલ

અગ્ર મુખ્ય વન સંરક્ષક,
વન્યપ્રાણી, ગુજરાત રાજ્યની કચેરી,
ગાંધીનગર

પત્ર ક્રમાંકઃ-વપસ/ ૨૬.૧/ બ/ ૩૮૬૧ / સને ૨૦૧૮-૧૯ તા. ૯-૦૯-૨૦૧૮

વિષય: વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવા બાબત-૨૦૧૮

રાજ્યમાં વન વિભાગ દ્વારા પ્રજામાં વન્યપ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધનમાં સક્રિય ભાગીદારીના ઉમદા હેતુસર દર વર્ષે ૨ જી ઓક્ટોબરથી શરૂ કરી એક સપ્તાહ સુધીના સમયગાળામાં 'વન્યપ્રાણી સપ્તાહ' ની ઉજવણી કરવામાં આવે છે.

ચાલુ વર્ષે વન્યપ્રાણી સપ્તાહની ઉજવણીને પ્રજાના વિવિધ વર્ગોમાં વન્યપ્રાણી વિશે જાગૃતિ કેળવવાના હેતુસર નીચે મુજબની વિગતે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

| ક્રમ | કાર્યક્રમ | ટારગેટ ગૃપ |
|---|---|---|
| ૧ | ચિત્ર સ્પર્ધા | પ્રાથમિક શાળાના વિધાર્થીઓ |
| ૨ | નિબંધ સ્પર્ધા | કોલેજ / હાઈસ્કુલના વિધાર્થીઓ |
| ૩ | વક્તૃત્વ સ્પર્ધા | કોલેજ / હાઈસ્કુલના વિધાર્થીઓ |
| ૪ | ક્વીઝ | માધ્યમીક શાળાના વિધાર્થીઓ |
| ૫ | બેનર રેલી | શાળા / કોલેજ |
| ૬ | પ્રભાત ફેરી | શાળા / કોલેજ |
| ૭ | સાઈકલ રેલી | શાળા / કોલેજ |
| ૮ | ગોષ્ટી | ગામની પ્રજા |
| ૯ | લેક્ચર | શાળા કોલેજ / બુધ્ધીજીવી પ્રજા |
| ૧૦ | મહિલા સંમેલન | સહભાગી વન વ્યવસ્થા સનિતિની બહેનો (ઈ.ડી.સી.) |
| ૧૧ | કઠપુતળી કાર્યક્રમ | સ્થાનીક પ્રજા / ગ્રામજનો |
| ૧૨ | નાટક / શેરી નાટક | સ્થાનીક પ્રજા / ગ્રામજનો |
| ૧૩ | સંરક્ષણ માટે પ્રતિજ્ઞા | વિધાર્થી / સામાન્ય પ્રજા |
| ૧૪ | પ્રદર્શની | સામાન્ય પ્રજા |

વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવા નીચે મુજબની માર્ગદર્શક સુચનાઓ ધ્યાને લેવા વિનંતી છે.

૧. વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી દરમ્યાન દરેક વિભાગમાં દરરોજ એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે તેવી રીતે આયોજન કરવાનું રહેશે.

૨. રાજ્યના વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી દરમ્યાન દરેક જીલ્લામાં જીલ્લા કક્ષાનો એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે તેમ આયોજન કરવું.

૩. જીલ્લા કક્ષાના કાર્યક્રમો માટે જે જિલ્લાઓમાં વન્યપ્રાણી વિભાગ કાર્યરત છે તે વિભાગે જીલ્લા કક્ષાના કાર્યક્રમનુ આયોજન કરવાનું રહેશે અને ક્ષેત્રિય, સામાજીક વનીકરણ

T 19
5 SEP 2018
Dy. Conservator of Forest
Banaskantha - Palanpur.
Inward No. 1250

અને અન્ય વિભાગો તે કાર્યક્રમમાં સહભાગી થશે. જે જીલ્લામાં વન્યપ્રાણી વિભાગ ન હોય તે જીલ્લામાં ક્ષેત્રિય વિભાગે કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.અન્ય જીલ્લાઓમાં સામાજીક વનીકરણ વિભાગે જીલ્લા કક્ષાનું આયોજન કરવાનું રહેશે.

૪. જીલ્લા કક્ષાના કાર્યક્રમમાં કાર્યક્રમને અનુરૂપ પ્રજાના પ્રતિનિધિઓ/ પદાધિકારીઓ/ આગેવાનો તેમજ અન્ય વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિ રહે તે રીતે આયોજન કરવાનું રહેશે.

૫. વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી દરમ્યાન પ્રજામાં વન્યપ્રાણી સંરક્ષણ વિશે લાગણી કેળવાય તે હેતુસર જુદા જુદા પ્રકારના કાર્યક્રમો દરેક જીલ્લા/ વિભાગમાં યોજાય તેમ આયોજન કરવા વિનંતી કરવામાં આવે છે.

૬. વન્યપ્રાણી/પક્ષી અને પર્યાવરણના સંદર્ભે તેમનું મહત્વ, સંરક્ષણ/સંવર્ધન તથા રક્ષિત વિસ્તારો વિકાસ અને જાળવણીની સમજ માટેના કાર્યક્રમો લોક સહકારથી યોજવા જણાવવામાં આવે છે.

૭. શૈક્ષણિક શાળા કોલેજોના વિદ્યાર્થીઓને પ્રાકૃતિક / વન્યપ્રાણી સંરક્ષણ માટે શિબીરો યોજવી શાળા / કોલેજોમાં વન્યપ્રાણીસંબંધિત નિબંધ હરીફાઇઓ, ચિત્રસ્પર્ધાઓ, તેમજ વકૃત્વ સ્પર્ધાઓનું ઘનિષ્ઠ આયોજન કરવું. આકર્ષક પધ્ધતિથી પ્રચાર- પ્રસાર થાય તે જોવુ પર્યાવરણ અને વન્યપ્રાણીને લગતા સાહિત્ય તેમજ ચોપાનીયાનામાધ્યમ ધ્વારા વન્યપ્રાણી પક્ષી પ્રેમની અભિરૂચી કેળવવા સઘન પ્રયત્નો કરવા વિનંતી કરવામાં આવે છે.

૮. રેડીયો/ દૂરદર્શનના માધ્યમ મારફતે સમગ્ર સપ્તાહ દરમ્યાનવન્યપ્રાણી સંરક્ષણનું જ્ઞાન પુરુ પાડવું. વન્યપ્રાણી સંબંધિત ફીલ્મો- માહિતીચિત્રોનું પ્રસારણ કરવું. પર્યાવરણ અને વન્યપ્રાણી સંબધે લોક જાગૃતિ કેળવાય તે માટે પંચાયત સભાઓ, ગ્રામ સભાઓનું આયોજન કરવા વિનંતી છે.

ઉપરોકત વિષયે રાજયના ગ્રામ્ય / તાલુકા જીલ્લા/ રાજય કક્ષા / કાર્યક્રમો સમગ્ર સપ્તાહ દરમ્યાન સક્રીય ભાગીદારી સહ યોજવા આ કાર્યક્રમો ફકત સંખ્યાની સિધ્ધી દર્શાવવા નહી પણ વન્યજીવો સંબધિત મહત્વ વિશે સુંદર સંદેશાઓ / સારી વાતો જન સામાન્ય / વિદ્યાર્થીઓ/ મહિલાઓ સુધી પહોંચે અને આ તમામની લોક જાગૃતિ - લોક સહકારમાં હકારાત્મક પ્રસિધ્ધ થાય, લોકો વન્યજીવ / રક્ષિત વિસ્તારો પરત્વે પોતાની જવાબદારી સમજે અને તેનાથી જોડાય તે રીતે કાર્યક્રમો થાય /સંદેશા અપાય તે જોવુ. આ હેતુ માટે થઇ યોગ્ય જણાયે સ્વૈચ્છિક સંસ્થાઓની મદદ આયોજન બધ્ધ રીતે યોગ્ય જણાય ત્યાં મેળવવી સૌરાષ્ટ્રના શહેરો ગીર, સુરત, અમદાવાદ, વડોદરા, ખાતે અનેક સ્વૈછીક સંસ્થાઓ સક્રિય અને કાર્યરત છે. વર્તુળ કક્ષાએ તેમની આગોતરી બેઠક યોજી શકય મહત્તમ કાર્યક્રમોમાં તેમનો સક્રિય સહકારપણ મેળવી શકાય.

શેરી નાટકો વિગેરેનો ઉપયોગ માહિતી ખાતાના ઠરાવની જોગવાઇ સંદર્ભે યોગ્ય પ્રકારની સ્કીપ્ટ સાથે અને તે ખર્ચની મર્યાદામાં કરવો. આ હેતુ માટે ચોકકસ કાર્યક્રમ સહિત સ્કીપ્ટ વિગેરે ચકાસી, યોગ્ય સંદેશા સાથેનાજ કાર્યક્રમો કરવા.

આ ઉજવણી અન્વયે જાગૃતિ કાર્યક્રમો, શાળાના બાળકોની રક્ષિત વિસ્તારોની નિયમોનુસાર અને સલામત તથા માર્ગદર્શન /માહિતી સહ મુલાકાતો થાય પંચાયતના તથા અન્ય હોદેદારો ઓપીનીયન લીડર,(સમાજ જેને અનુસરે તેવી વ્યકિતઓ) રાજકીય આગેવાનો વિગેરેને સાંકળવા પ્રયત્નો કરવા તથા માનવ – પ્રાણી વિવાદ અને નુકશાન ના કિસ્સા વધુ બનતા હોય ત્યાં ખાસ પ્રયત્નો કરાય તે જોવું જેથી જાગૃતિ વધે અને વિવાદ તથા નુકશાની ઘટાડવામાં મદદ મળે, તથા માનવ – વન્યપ્રાણી વિવાદથી પરસ્પર નુકશાનને શકય લઘુત્તમ રાખવામાં મદદ મળે

તેમના વર્તુળ હેઠળના વિભાગવાર દરરોજ યોજવાના થતાં કાર્યક્રમોની વિગત પત્રક-૧માં તેમજ જિલ્લા કક્ષાએ યોજવાના થતાં કાર્યક્રમોની વિગત પત્રક-૨માં સાદર કરવા સુચના આપવામાં આવે છે. તેમના વર્તુળ હેઠળના આયોજનની વિગતો અત્રેને તારીખ ૦૭.૦૯.૨૦૧૮ સુધીમાં બિનચૂક મળી જાય તેમ મોકલવા અને વન્યજીવ સપ્તાહની ઉજવણીનો દરેક મુખ્ય વન સંરક્ષકશ્રીનો /વન સંરક્ષકશ્રીનો વર્તુળવાર (વિભાગવાર વિગત સાથેનો)અહેવાલ સંકલીત કરી અંગ્રેજી તથા ગુજરાતીમાં અત્રેની કચેરીમાં તા.૧૫-૧૦-૨૦૧૮ સુધીમાં બિન ચૂક મળી જાય તે રીતે મને નામજોગ અર્ધ સરકારી પત્ર હેઠળ મોકલી આપવા વિનંતી છે.

વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી બાબતના આયોજનની વિગતોની મીટીંગ દરમ્યાન ચર્ચા કરવામાં આવશે. તે રીતે તૈયારી સાથે મીટીંગમાં હાજરી આપવા સુચના આપવામાં આવે છે.

(એ.કે.સકસેના)
અગ્ર મુખ્ય વન સંરક્ષક
વન્યજીવ, ગુજરાતરાજય
ગાંધીનગર

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી, તમામ
વન સંરક્ષકશ્રી, તમામ
નાયબ વન સંરક્ષકશ્રી, તમામ

નકલ સાદર રવાના:અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

નકલ રવાના:

૧. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી, ગુજરાત રાજય/ સંશોધન અને તાલીમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૨. નિયામકશ્રી, ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૩. નાયબ વન સંરક્ષકશ્રી, પ્રકાશન અને સંપર્ક વિભાગ, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.